# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૯ તા. ૨-૨-૧૬

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-તા.૮-૨-૧૬ના રોજ વાલી સંમેલન યોજવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે પ્રથમ સત્રાંત પરીક્ષાનું પરિણામ તૈયાર થઈ ગયું હશે. વાલીઓ પોતાના પાલ્યની શિક્ષણ વિષયક પ્રગતિથી વાકેફ થાય અને વર્ષાન્તે લેવાની થતી પરીક્ષા વિશે માહિતગાર થાય તે હેતુથી વાલી સંમેલન યોજવાનું આયોજન કરવામાં આવેલ છે. પરિપત્ર નં.૧૩૩/તા.૧૫-૧-૧૬ અનુસાર ૩ વાલી સંમેલન માટે રૂા.૩૦૦/-ની ગ્રાન્ટ એસ.એમ.સી. કક્ષાએ ફાળવવામાં આવી છે. જેમાં દ્વિતીય વાલી સંમેલન ૨૬મી ફેબ્રુઆરી-૨૦૧૬ના રોજ યોજવા જણાવેલ હતું. પરંતુ હવે દ્વિતીય વાલી સંમેલન ૨૬મી ફેબ્રુઆરીના સ્થાને તા.૮-૨-૧૬ના રોજ યોજવાનું રહેશે. આ વાલી સંમેલનમાં વાલીઓને તેમના બાળકના પ્રગતિકાર્ડ/ પ્રગતિપત્રક આપીને તેની પ્રગતિથી વાકેફ કરવા. ઉપરાંત એપ્રિલ-૧૬માં થનાર દ્વિતીય સત્રાંત પરીક્ષાની માહિતી આપવી અને પરીક્ષા માટે પોતાના બાળકોને પૂર્વ તૈયારી કરાવવા તેમજ નિયમિત શાળામાં મોકલવા જણાવવું. સવારપાળીની શાળાઓએ સવારના ૧૧-૦૦ થી ૧૨-૩૦ દરમ્યાન અને બપોરપાળીની શાળાઓએ બપોરે ૪-૦૦ થી ૫-૩૦ દરમ્યાન યોજવાનું રહેશે. વાલી સંમેલનનો ફોટોગ્રાફ સહિતનો અહેવાલ બીટ સુપરવાઈઝરશ્રીને સુપ્રત કરવાનો રહેશે. દિન-૨માં પ્રગતિકાર્ડ, પ્રગતિપત્રક મૂલ્યાંકનને લગતું સાહિત્ય શાળાઓને આપવામાં આવશે, જેની નોંધ લેશો.

તા.૨-૨-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૧૪૦ તા. ૨-૨-૧૬

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

એકાત્મ માનવવાદના પ્રણેતા અને 'ગામડાના ઉત્થાનથી રાષ્ટ્રના ઉત્થાન' ના હિમાયતી 'પંડિત દીનદયાલ ઉપાધ્યાયજી' જેઓ સંગઠનની કુશળતા ધરાવતા હતા,શ્રેષ્ઠ વિચારક હતા, અર્થનીતિના જાણકાર હતા તથા રાષ્ટ્રને સમર્પિત લેખક હતા, તેમની પુણ્યતિથિ ૧૧ ફેબ્રુઆરીના રોજ છે. તો પ્રાર્થના સંમેલનમાં તેમના જીવન કાર્યો વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવી.

તા.૧૨-૨-૧૬ના રોજ મહાસુદ પાંચમ એટલે 'વસંત પંચમી'. વિદ્યા, કળા, જ્ઞાન અને સંગીતની દેવી 'મા સરસ્વતી'ની આરાધનાનું પર્વ. આ દિવસે જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથરવા વિદ્યા અને જ્ઞાનની દેવીમા સરસ્વતીનું પૂજન કરવામાં આવે છે. વિદ્યા વિના જીવન શૂન્ય છે. વિદ્યા મેળવીને એટલે કે શિક્ષણ પ્રાપ્ત કરીને જીવનના તમામ શિખરો સર કરી શકાય છે તેવું શાળાના વિદ્યાર્થીઓ સમજે તે હેતુથી આ દિવસે પ્રાર્થના સંમેલનમાં મા સરસ્વતીનું પૂજન કરવું તેમજ સરસ્વતી વંદના કરવી અને તે થકી જ્ઞાનપ્રાપ્તિનો સંકલ્પ કરાવવો. વસંતપંચમીનો દિવસ જુદા જુદા રાજ્યો કેવી રીતે ઉજવે છે તેની માહિતી પ્રાર્થના સંમેલનમાં આપવી.

આ દિવસે ઉર્દૂ માધ્યમ અને ઝોનલ શાળાઓએ પ્રાર્થના સંમેલનમાં 'જીવનમાં શિક્ષણ-જ્ઞાનનું મહત્ત્વ' વિષય પર વિદ્યાર્થીઓનાં વક્તવ્ય / વાર્તાલાપ ગોઠવવા.

તા. ૨-૨-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૧ તા.૨-૨-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-મેડીકલ વિકલ્પમાં ફેરફારની માહિતી મોકલી આપવા બાબત.**

આથી તમામ મ્યુનિ.શાળાઓને જણાવવાનું કે શાળામાં ફરજ બજાવતા કર્મચારીઓ તથા પેન્શનરોને નાણાંકીય વર્ષની શરૂઆતમાં તબીબી સારવારના નિયમ ૩૨.૫ મુજબ દર વર્ષે મેડિકલ વિકલ્પમાં ફેરફાર કરવાની તક આપવામાં આવે છે. આથી જે કર્મચારીઓ પગારમાં રૂા.૩૦૦/- ઉચ્ચક મેડિકલ એલા. મેળવવા માંગે છે કે મેડિકલ રિઈમ્બર્સમેન્ટની યોજનામાં જોડાવા માંગે છે તે અંગેની માહિતી મીચે જણાવેલ મુજબના પત્રકમાં તા.૨૮-૨-૧૬ સુધીમાં મેડિકલ કલાર્કશ્રીને રૂબરૂ હાથોહાથ મળે તે રીતે અચૂક મોકલી આપશો. નિયત તારીખ પછી આવેલ માહિતી રદ ગણાશે. વર્ષની શરૂઆતમાં સ્વીકારેલ વિકલ્પમાં અધવચ્ચેથી કોઈપણ સંજોગોમાં ફેરફાર કરી શકાતો નથી. આ યોજનામાં કેન્સર, એઈડ્સ, ક્ષય તથા કિડની જેવા રોગોમાં સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી મેળવી મેડિકલ વિકલ્પમાં ફેરફાર કરી આપવામાં આવશે. વિકલ્પમાં ફેરફાર કરવાનો હોય તે જ કર્મચારીઓની માહિતી અત્રે મોકલી આપવી એટલે કે જે શાળામાંથી કોઈપણ કર્મચારીને મેડિકલ વિકલ્પમાં ફેરફાર કરવાનો ન હોય તેમણે માહિતી મોકલવાની જરૂર નથી.જે શાળામાંથી મુમ્ય શિક્ષકશ્રીનો રિપોર્ટ અત્રે નહીં આવે અને કર્મચારીને વિકલ્પમાં ફેરફાર કરવાનો રહી જશે તો તેની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીની રહેશે. આ પરિપત્ર શાળાના તમામ કર્મચારીઓને વંચાવી દરેકની સહી લઈ શાળા દફતરે રાખશો.

નમુનો

મેડિકલ વિકલ્પમાં ફરેફારની માહિતી

શાળાનું નામ ...........................

| **ક્રમ** | **એમ્પ્લોઈ નંબર** | **કર્મચારીનું પુરૂ નામ** | **હોદ્દો** | **મેડિકલ વિકલ્પમાં ફેરફારની વિગત** | **કર્મચારીની સહી** |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |

આચાર્યશ્રીનાં સહિ / સિક્કા

તા. ૨-૨-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૨ તા. ૨-૨-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-જનરલ પ્રો.ફંડની કપાત બાબત.**

**સંદર્ભ :-ગુજરાત રાજ્ય શિક્ષણ અને મંજૂર વિભાગ સ્કૂલ બોર્ડ, સ્ટાફ માટે જન. પ્રો.ફંડની યોજના નિયમ ૧૨ થી ૧૫ તથા અમ.મ્યુનિ. કોર્પો.નાણાં ખાતાનાં સરકયુલર નં.૯ તા.૧૫-૭-૦૪**

આથી તમામ મ્યુનિ. પ્રા.શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે જનરલ પ્રો.ફંડની ઉપરોકત જણાવેલ વિષય અને સંદર્ભ અન્વયે નીચે જણાવેલ સુચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧. જનરલ પ્રો.ફંડ સ્વેચ્છાએ વધુ કપાત કરવા માંગતા હોય તેવા કર્મચારીઓએ લેખિત મંજૂરી બે કોપીમાં ઉભા કાગળમાં ફેબ્રુઆરી માસમાં મેળવી માર્ચ પેઈડ ઈન એપ્રિલ માસમાં વર્ષમાં એક જ વખત ફેરફાર કરી શકાશે.

૨. જનરલ પ્રો.ફંડ કોઈપણ સંજોગોમાં ચલનથી ભરી શકાશે નહીં.

૩. કર્મચારીઓના પગારમાંથી અન્ય રકમ બાદ કરતાં પગાર ઓછો નીકળતો હોય તેવા સંજોગોમાં જનરલ પ્રો.ફંડની કપાત ફરજિયાત ધોરણે સૌ પ્રથમ કરવી.

૪. કર્મચારી નિવૃત્ત થતો હોય ત્યારે નિવૃત્તિ તારીખ(પુનઃનિયુક્તિ સિવાય)થી ત્રણ માસ પહેલા ફરજિયાત ધોરણે જનરલ પ્રો.ફંડની કપાત બંધ કરવી અને કર્મચારીની લેખિત અરજી હોય તો નિવૃત્તિના ૬ માસ પહેલાં જનરલ પ્રો.ફંડ કપાત બંધ કરાવી શકાશે.

૫. સી.પી.એફ.ની કપાતમાં વધારો થઈ શકશે નહીં, જે તે નિયમ મુજબની કપાત કરવાની રહેશે.

તા.૨-૨-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી